## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, કાયદો કડક છે તો આ નોટ પણ કડક જ છે... લો જોઈ લો...!!



ગાંધીનગરના વરિષ્ઠ પત્રકાર શ્રી અશ્વિનભાઈ વ્યાસની દીકરી કેપ્ટન હિરલ રીતુલ પંડ્યાને સુરત ખાતે અદાણી કંપની દ્વારા એવૉર્ડ અપાયો હતો. શ્રીમતી પ્રીતિબેન ગૌતમ અદાણીના વરદ્‌હસ્તે હિરલને શ્રેષ્ઠ કામગીરી માટે એવૉર્ડ અપાયો હતો.

# પોલીસે પાંચ સ્થળે દરોડા પાડી ૨૮ જુગારીઓને ઝડપી પાડ્યા

## પોલીસે કુલ રૂ. ૬૦ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

ગાંધીનગર, તા.૧૨

શ્રાવણ માસના પ્રારંભ થી શ્રાવણીયો જુગાર ધમધમી રહ્યો છે. જુગારીઓ વિવિધ સ્થળો પર બાજી માંડીને રમવા માટે બેસી જાય છે. ત્યારે ગાંધીનગર પોલીસે વિવિધ પાંચ સ્થળોએ દરોડો પાડીને ૨૮ શકુનીઓને પકડી પાડ્યા છે. તો બીજીતરફ દાવ પરથી તેમજ અંગજડતી, મોબાઈલ સહિત કુલ રૂ.૬૦ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે જુગારીઓને સાથે પોલીસ પણ સક્રિય બનતા શકુનીઓમાં ભયનો માહોલ સર્જાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા ઈસનપુર મોટા ગામે બોરકુવા પર જુગાર રમતા પાંચ શખ્સોને પોલીસે પકડી પાડ્યા છે.ચિલોડા પોલીસ પીઆઈ જે.બી.પંડિતની ટીમ પેટ્રોલીંગમાં હતી.તે દરમિયાન હે.કો ઘનશ્યામભાઈને બાતમી મળી હતી કે દાવડીયા પરા પાસે કનુભાઈ ભાયચંદ પટેલના બોરકુવા પાસે જુગાર રમાઈ રહ્યો છે. જેને પગલે પોલીસે રેઈડ કરતા ઈસનપુર મોટા ગામના ચાર અને ડભોડાનો એક ઈસમ મળીને કુલ પાંચ શકુનીઓ પકડાયા હતા. જેમાં કનુ ભાયચંદ પટેલ, પરેશ પ્રહલાદ પટેલ, રોહિત રમણ પ્રજાપતિ, ભાથી રામાજી રાઠોડ, જોઈતા અંદરજી પરમારનો સમાવેશ થાય છે. પોલીસે તેમની પાસેથી રૂ.૪,૦૦૦ રોકડા, એક બાઈક મળીને કુલ કિં.રૂ. ૨૪,૦૦૦ મળીનો કુલ ૨૮ હજારનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં શેરથા રોહિતવાસમાંથી પાંચ જુગારીઓ પકડી પાડ્યા હતા.અડાલજ પોલીસ મથકના પીએસઆઈ વી.બી.પરમારને શરેથા ગામે રોહિતવાસ સામે વખડા નીચે જુગાર રમતા હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે રેઈડ કરતા જશવંત કુબેર વાઘેલા, યોગેશ નરેશ ચૌહાણ, અશોક મણીલાલ પમાર અને નરેન્દ્ર ઉર્ફે રાજુ રતીલાલ વાઘેલા અને વિનોદ રમણ પરમાર નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂ.૮૭૫ જપ્ત કરીને જુગારધારાનો કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે ત્રીજા બનાવમાં વજાપુર ગામે વિહત માતાવાળા વાસ ખાતે ઘર આગળ જુગાર રમતા ૮ શકુનીઓને પોલીસે દબોચી લીધા છે.ડભોડા પીએસઆઈ બી.આર.રાઠોડની ટીમ પેટ્રોલીંગમાં હતી. જુગાર અંગે પોલીસને બાતમી મળી હતી,પોલીસે રાત્રીના સાડા અગીયાર કલાકે વજાપુરમાં ઘરની ઓસરીમાં જુગાર રમતા ગામના જ કેશા ઉર્ફે જયમાતાજી શંકાજી મકવાણા, કનુ રમતુજી ઠાકોર, રમેશ તલાજી ઠાકોર, ગીરીશ ફકીરજી ઠાકોર, વિષ્ણુજી ફુલાજી ઠાકોર, મુકેશ રમણજી ઠાકોર, લાલા ભલાજી ઠાકોર, તેમજ વીરા તલાવડી ખાતે રહેતો મહેશ જીવાજી ચૌહાણને પકડી પાડીને પોલીસે રૂ. ૧૨,૬૨૦ કબ્જે કરી તમામ સામે જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે ચોથા બનાવમાં સોનારડા ગામે બીજા દિવસે પણ ૫ જુગારીઓ જુગાર રમતા રંગેહાથ પકડાઈ ગયા છે. સોનારડાના જયંતીજી ઠાકોરના ખેતરમાં જુગાર રમતા પોલીસના હાથે કાના હવજીજી ઠાકોર, સુરેશ દિલિપ ઠાકોર, મહેશ અરજણ મકવાણા, વિષ્ણુ ધુધાજી ઠાકોર, રાકેશ ચંદુજી ઠાકોર પકડાઈ ગયા હતા. પોલીસે શકુનીઓ સામે જુગારધારાનો કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે પાંચમાં બનાવમાં સાદરા ગામે થી જુગાર રમતા પાંચ શકુનીઓને એલસીબીની ટીમે દબોચી લીધા હતા. પોલીસે સાદરા ગામના જુના બસ સ્ટેન્ડની પાસે ખુલ્લા ખેતરમાં જુગાર રમતા પાંચ ઈસમોને પકડી પાડ્યા છે. જેમાં પોલીસે પાંચેય પાસે થી રોકડ રૂ.૧૨,૫૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





શહેરમાં પવિત્ર શ્રાવણ માસના સોમવારનો અને ઈદ-ઉલ-અઝ્હાના તહેવારનો સંગમ રચાયો હતો. શહેરની મસ્જિદમાં મુસ્લિમ બિરાદરોએ ઈદની નમાઝ પઢી હતી અને ત્યારબાદ એકબીજાને ઈદની મુબારકબાદી પાઠવી હતી જેમાં નાના ભૂલકાંઓથી માંડીને વડિલો પણ જોડાયા હતા. નમાઝ બાદ મસ્જિદમાં તકરીર યોજાઈ હતી જેમાં ધર્મગુરૂએ ઈદનો સંદેશ પાઠવ્યો હતો.



### ડો. વિક્રમ સારાભાઈની શતાબ્દી જન્મજયંતિએ વૃક્ષારોપણ

આજે શહેરના સેક્ટર-૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે ભારતના અવકાશ વિજ્ઞાનના પિતામહ ડૉ. વિક્રમ સારાભાઈની શતાબ્દી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નિસર્ગ સાયન્સ સેન્ટરની સામે જ ડૉ. સારાભાઈની યાદમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ દાસ તથા નિસર્ગના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલે ઉત્સાહપૂર્વક ભાગ લઈ વૃક્ષારોપણ કર્યુ હતુ.

# ગુજરાત મધ્યસ્થીથી કેસનો ઉકેલ લાવવામાં મોખરે છે

અમદાવાદ,તા.૧૨

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના ગુજરાત હાઈકોર્ટ પરિસરમાં ૧૨ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલ નૂતન ભવનનું આજે આજે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અને રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ એસએ બોકડેએ કાયદા મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને કાયદા રાજ્યમંત્રી પ્રદીપસિંહજી જાડેજાની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યુ હતું.

જસ્ટીસ બોબડેએ જણાવ્યું કે, ગુજરાત લવાદ-મધ્યસ્થી દ્વારા કેસોના સુખદ સમાધાન માટે દેશભરમાં અગ્રેસર છે. ગુજરાતે લોક અદાલત જેવા ઉપક્રમો દ્વારા મોટા પ્રમાણમાં કેસોનો નિકાલ કર્યો છે. તેમણે કહ્યું કે, ગુજરાતના વડોદરામાં ગાયકવાડ શાસનમાં પણ મીડીયેશનની વ્યવસ્થા હતી તે દ્રષ્ટિએ ગુજરાતમાં મધ્યસ્થીથી કેસનો નિકાલ લાવવાનો ગુજરાત બહુ જુનો ઈતિહાસ ધરાવે છે. તેમણે કહ્યું કે, વધતી વસતી અને સ્થળાંતરને કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનાં પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેવા સમયે કોર્ટ અને ન્યાય ખૂબ મહત્વના બની જાય છે. લોકોને મોંઘા વકીલો રોકવા અને ન્યાયની પ્રલંભ પ્રક્યિાને કારણે જે હાલાકી ભોગવવી પડે છે ક્યારે કાનૂની સેવા સત્તા મંડળ અને કાનૂની સહાય મદદ સામાન્ય નાગરિક માટે ખૂબ અગત્યની બની જાય છે. ગુજરાતમાં કાનૂની સેવા સત્તા મંડળથી ૫ લાખથી વધુ લોકોને લાભ મળ્યો છે.

# ગુજરાત સાયન્સ સીટી ખાતે ડૉ. વિક્રમ સારાભાઈની શતાબ્દી જન્મ જયંતિની ઉજવણીનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૨

"ડૉ. વિક્રમ સારાભાઈએ એટોમિક એન્ડ સ્પેસ સાયન્સને પ્રોત્સાહન આપ્યું હતું પરંતુ તેનો ઉપયોગ સમાજના સમાજિક અને આર્થિક ઉત્થાન માટે કરવાની હિમાયત કરી હતી. જો ન્યુક્લિઅર અને આઉટર સ્પેસ ટેકનોલોજીનો શાંતિપૂર્ણ હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવે તો તેનાથી પૃથ્વી પર સ્વર્ગ રચાઈ શકે" આ શબ્દો કહ્યાં હતા ઈસરોના ભૂતપૂર્વ વૈજ્ઞાનિક આર.એમ. પંડ્યાએ, જ્યારે તેઓ આજે સાયન્સ સીટી ખાતે યોજાયેલ ડૉ. વિક્રમ સારાભાઈ શતાબ્દી જન્મજયંતિની ઉજવણી પ્રસંગે સંબોધી રહ્યાં હતા.

આ પ્રસંગે આર.એમ. પંડ્યાએ જણાવ્યું હતુ કે "જો ન્યુક્લિયર અને આઉટર સ્પેસ ટેકનોલોજીનો દૂરૂપયોગ કરવામાં આવે તો ભયાનક ઉથલપાથલ સર્જાઈ શકે તેવી ચેતવણી ડૉ. સારાભાઈએ આપી હતી." આ સાથે તેમણે ૨૫ વિદ્યાર્થીઓના પીએચડી માર્ગદર્શક રહ્યાં હોવાની યાદ અપાવતા તેમણે ઈસરો,



પીઆરએલઆઈઆઈએમ અને અટીરાને પણ માર્ગદર્શન આપ્યું હતું. તે જણાવતા યાદ કર્યુ હતુ કે "ડૉ. સી.વી. રામને પણ ડૉ. સારાભાઈને બંને તરફથી સળગતી ચિનગારી જેવા કહી વખાણ કર્યા હતા."

અત્રે ઉલ્લેખનીય છે કે ઈસરોએ ગત માસે જે ચંદ્રાયાન-૨ લોન્ચ કર્યુ તેનું નામ પણ આ મહાન અમદાવાદી વૈજ્ઞાનિક પરથી પાડવામાં આવ્યું છે. ડૉ. સારાભાઈને ઈન્ડિયન સ્પેસ પ્રોગ્રામના પિતામહ તરીકે ઓળખવામાં આવે છે જેઓ ૧૯૧૯માં ૧૨મી ઓગષ્ટે અમદાવાદમાં જન્મ્યા હતા. ગુજરાત કાઉન્સિ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી-ગુજકોસ્ટ તથા ગુજરાત સાયન્સ સીટીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ ઉજવણીમાં અંદાજે ૨૦૦થી વધુ એન્જિનીયરીંગના વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો.

# આનંદનગર-સોલાથી ૧૬થી વધારે જુગારીને પકડી પડાયા

અમદાવાદ, તા.૧૨

શ્રાવણ માસમાં શ્રાવણીયો જુગાર લોકો રમતા હોય છે ત્યારે શહેર પોલીસ પણ જુગારીઓ પર ચાંપતી નજર રાખી રહી છે ત્યારે ચોક્કસ બાતમીના આધારે પોલીસે, શહેરના આનંદનગર અને સોલા વિસ્તારમાંથી જુગાર રમતા કુલ ૧૬થી વધુ જુગારીઓની ધરપકડ કરતાં ભારે ચકચાર મચી ગઈ હતી. ઝોન-૭ સ્ક્વોડની ટીમે ગઈકાલે મોડી રાત્રે બાતમીના આધારે આનંદનગર રોડ પર દેવ ઓરમ કોમ્પ્લેક્ષમાં ૫માં માળે ઓફિસમાં જુગાર રમતા ૧૧ શખ્સને ઝડપી લીધા હતા જ્યારે સોલા સાયન્સ સિટી રોડ પર પર્લ બંગલામાં જુગાર રમતા પાંચ જુગારીઓને પણ ઝડપી લેવાયા હતા. પોલીસે આ તમામ આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે આ બંને દરોડામાં આરોપીઓ પાસેથી કુલ રૂ.૨૨.૯૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઝોન-૭ સ્ક્વોડની ટીમને ગઈકાલે રાત્રે માહિતી મળી હતી કે, દેવ ઓરમ કોમ્પ્લેક્ષમાં પાંચમા માળે આવેલી એક ઓફિસમાં કેટલાક શખ્સો જુગાર રહી રહ્યા છે.

# અમદાવાદના બોપલમાં ઘટના બની પણ સરકાર હજુ નિંદ્રામાં છે : સૂર્યસિંહ

ગાંધીનગર, તા. ૧૨

ડિઝાસ્ટર મેનેજમેન્ટને લઈ શેખી મારતી ગુજરાત સરકાર તેની નીતિમાં સુધારા કરતી નથી. નિર્દોષ લોકો મોતના મુખમાં ધકેલાય ત્યારે સરકાર માટે એકાએક જાગી અને ઘોડા તબેલામાંથી ભાગી જાય પછી તબેલાને તાળા મારવા જેવો ઘાટ થાય છે.

સરકાર આવી ઘટનાઓમાંથી બોધપાઠ લઈ અગમચેતીના પગલાં લેવાને બદલે કોઈ નવી દુર્ઘટના બને તેની રાહ જોતી હોય તેવુ લાગી રહ્યું છે. આજે બોપલમાં બનેલી ઘટનામાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો છે અને કેટલાક લોકો ઘાયલ છે. આ પહેલાં અમદાવાદના કાંકરિયામાં રાઈડ તુટવાનો બનાવ હોય કે સુરતનો તક્ષશિલા અગ્નિકાંડ હોય સરકારની સંવેદના દેખાતી જ નથી. માત્ર વાતો કરે છે તેવા આક્ષેપો જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ એક લેખિત નિવેદનમાં કર્યા છે.

તેમણે નિવેદનમાં જણાવ્યું છે કે વિકાસના ખોટા વાયદા કરતી અને લોકોને દિવાસ્વપ્નો દેખાડતી ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર અને વહિવટીતંત્ર કુંભકર્ણની નિંદ્રામાં પોઢતુ હોય તેવુ આજકાલ બનતી ઘટનાઓ પરથી જણાઈ રહ્યુ છે. રાજ્યની સરકાર, યુવાઓ, મહિલાઓ તેમજ સમગ્ર ગુજરાતની જનતાને ગુજરાતના વિકાસનુ આભાસી ચિત્ર રજુ કરી સમગ્ર ગુજરાતને ગેરમાર્ગે દોરી રહી છે.

ઘણા સમયથી બનતી ઘટનાઓ આ વાતની સાક્ષી છે. થોડાક મહિના અગાઉ સુરતના એક કોચિંગ ક્લાસમાં લાગેલ આગની ઘટના પછી સરકારી તંત્ર કુંભકર્ણની નિંદ્રામાથી સફાળુ જાગ્યુ હોય તેમ સમગ્ર ગુજરાતમાં કોંચિંગ ક્લાસમાં બંધ કરવાનું ફરમાન કર્ય હતુ. ત્યારબાદ અમદાવાદના કાંકરીયામાં એક રાઈડ તુટી પડતા સમગ્ર ગુજરાતમાં ચાલતી રાઈડ બંધ કરાવી દિધી હતી. તેવીજ રીતે સરકારીની વહિવટીતંત્રની બેદરકારીને કારણે આજરોજ અમદાવાદના બોપલ મુકામે પાણીની એક ટાંકી ટૂટી પડી હતી. જેમાં ત્રણ નિર્દોષ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે અને કેટલાક લોકો ઘાયલ થયા છે.

રાજય સરકારની બેદરકારીને કારણે હંમેશા ગુજરાતની પ્રજા માટે "ઘોડા તબેલામાંથી ભાગી જાય પછી તબેલાને તાળા મારવા" જેવો ઘાટ થાય છે. સરકાર આવી ઘટનાઓમાંથી કોઈ બોધ લઈ અગમચેતીના પગલા લેવાને બદલે કોઈ નવી દુઘર્ટના બને તેની રાહ જોતી હોય તેવુ લાગી રહ્યુ છે.

# એલર્ટ અપાયા બાદ અંબાજી મંદિરમાં સુરક્ષા સઘન કરાઈ

અમદાવાદ, તા.૧૨

કાશ્મીરમાં ૩૭૦ અને ૩૫ એ નાબૂદ કર્યા બાદ આંતકવાદી હુમલાની દહેશત અને આઈબી એલર્ટના પગલે ગુજરાતના યાત્રાધામોની પણ સુરક્ષા કડક કરી દેવામાં આવી છે. આગામી તા.૧૫મી ઓગસ્ટે ઉજવાનાર સ્વતંત્રતા પર્વ અને તહેવારોમાં આવનારા લાખો દર્શનાર્થીઓની સુરક્ષાને લઈ યાત્રાધામ અંબાજી મંદિરમાં તંત્ર દ્વારા સુરક્ષા વધારી દેવામાં આવી છે. ખાસ કરીને, અંબાજી મદિર અને પરિસરની ફરતે લોખંડી અભેદ્ય સુરક્ષા કવચ ઉભુ કરી દેવાયું છે.

સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિર ઝેડ કેટેગરીની સુરક્ષા ધરાવતું મંદિર છે. અહીં રોજ હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અંબાજી માતાજીના દર્શનનો લાભ લેવા ઉમટી પડતા હોય છે. મંદિર અને અંબાજીમાં લોકો ભીડ રહેતી હોવાથી કોઈ અસામાજિક તત્વો પગ પેસારો કરી ન જાય કે કોઈ હુમલા જેવી ઘટનાને અંજામ ન આપે તે માટે મંદિરના તમામ પોઈન્ટ ઉપર પોલીસ કર્મીઓને એલર્ટ કરી દેવામાં આવ્યા છે.



### ચિલોડા બ્રહ્માકુમારી દ્વારા સેન્ટર ખાતે હોમગાર્ડ જવાનોને રાખડી બાંધી

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેવા કેન્દ્ર ચિલોડા જગદંબા હોલમાં હોમગાર્ડ જવાનોને બહેનોએ રાખડી બાંધી પવિત્ર રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. રાજયોગિની કૈલાસદીદીએ જવાનોને વ્યસનમુક્તિ માટે સંકલ્પ લેવડાવ્યા હતા. ત્યારબાદ કેન્દ્ર ખાતે અને સ્મૃતિ વિકાસ શાખા પ્રાંતિયા ખાતે હોમગાર્ડ જવાનોએ વૃક્ષારોપણ કાર્યક્રમ કર્યો હતો. આ કાર્યક્રમમાં સેવાકેન્દ્રના સંચાલિકા તારાદીદી, ગાંધીનગર યુનિટના કંપની કમાન્ડર જી.એમ. પટેલ તથા ચિલોડા હોમગાર્ડઝ સબ યુનિટના ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

# કાશ્મીરના પ્રશ્ને એકીકરણનું સપનું પૂર્ણ થયું છે : માંડવીયા

કેન્દ્રીય મંત્રી અને ગુજરાત ભાજપાના પ્રદેશ મહામંત્રી મનસુખ માંડવીયાએ અમદાવાદ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યુ હતુ કે, કાશ્મીરમાંથી કલમ-૩૭૦ અને ૩૫એ દૂર કરવાના ઐતિહાસિક નિર્ણય બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને હદયપૂર્વકના લાખ લાખ અભિનંદન પાઠવું છું. આ નિર્ણય 'એક રાષ્ટ્ર એક બંધારણ' ની વિભાવનાને નૈતિક પીઠબળ પુરું પાડતો આઝાદી પછીનો ઐતિહાસિક નિર્ણય છે. દેશ અને દુનિયામાં વસતાં કરોડો ભારતીયોના મન-હદયમાં કાશ્મીર ભારતનું અભિન્ન અંગ બની રહે તે પ્રકારની વર્ષોથી પડી રહેલી ઈચ્છા હવે પૂર્ણ થઈ છે. આઝાદીના ૭૦ વર્ષ બાદ કાશ્મીરના એકીકરણનો અભૂતપૂર્વ નિર્ણય એ કાશ્મીરી પંડિતોની અનંત લડાઈનો આદર અને આતંકીઓ સામે લડતાં શહીદોનું સન્માન છે. રાષ્ટ્રપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલનું કાશ્મીરના મુદ્દે ભારતના એકીકરણનું અધુરું રહેલું સ્વપ્ન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ દ્વારા સાકાર થયું છે. માંડવીયાએ જણાવ્યુ હતુ કે, જનસંઘના સમયથી જ ભાજપાના એજન્ડામાં જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન હિસ્સો બની રહે તે માટેના પ્રયાસો હતા, જનસંઘના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીએ 'એક દેશ મેં દો નિશાન, દો વિધાન અને દો પ્રધાન નહીં ચલેગા'ના નારા સાથે આંદોલન કરતા પોતાના પ્રાણનું બલીદાન આપ્યુ હતુ. દેશની એકતા, અખંડિતતા અને સુરક્ષા એ ભાજપાનો મુખ્ય એજન્ડા રહ્યો છે. આઝાદીના ૭૦ વર્ષો સુધી ભારતની એકતા અને અખંડિતતા માટે જે કામ કોંગ્રેસે ન કર્યું તે ઐતિહાસિક કાર્ય કેન્દ્રની ભાજપા સરકારે કરી બતાવ્યુ છે. કોંગ્રેસના જવાહરલાલ નેહરૂ દ્વારા કાશ્મીરના ગઠન વખતે થયેલી ભયંકર ભુલોને આજે કેન્દ્રની ભાજપા સરકારે રાષ્ટ્રહિત માટે સુધારી દેશની અખંડિતતા અને સુરક્ષા માટેની કટિબધ્ધતા દર્શાવી છે.

# ટીસીએસ પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના ઘ-૦ થી રીલાયન્સ ચોકડી વચ્ચે આવેલા ગરીમા પાર્ક ટીસીએસના ગેટ પાસે પાર્ક કરેલા બાઈકની ઉઠાંતરી થવા પામી છે. શહેરના સેકટર-૨ ખાતે રહેતા અને ગરીમાં પાર્કમાં ફરજ બજાવતા વિશાલ પ્રવિણ પટેલ નામનો યુવક ગત તા. ૭ ઓગસ્ટના રોજ બાઈક નં.જી.જે.૦૨.બીબી-૦૪૫૨ લઈને નોકરી ગયો હતો અને ગરીમા પાર્કના ગેટ પાસે બાઈક પાર્ક કર્યુ હતું. રાત્રીના ૧૦ વાગે બાઈક પાર્ક કરીને નોકરી ગયેલો યુવક સવારે ૪ વાગે આવીને જોયું તો બાઈક ગુમ હતું. બે ત્રણ દિવસ પોતાની રીતે આસપાસ શોધખોળ કરી હતી પરંતુ બાઈક ન મળતા આખરે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.